بسم الله الرحمن الرحيم

# Central Moon Sighting Committee of Great Britain

**Jamiatul Ulama Britain, Darul Uloom Bury, Hizbul Ulama UK**

## સવાલ : (૧)

મોહતરમ મુફતી સાહેબ (હફીઝહુલ્લાહ) અસ્સલામુ અલયકુમ વ. વ.

● બ્રિટન યુ.કે.માં રમઝાન ૧૪૩૧ના મૌકા ઉપર ૨૯મી શાબાન (૧૦ ઓગષ્ટ ૨૦૧૦) મંગળવારની સાંજે બર્મિંગહામ શહેર ખાતે ત્રણ ભાઈઓએ રમઝાનનો ચાંદ જોયો, જેમની ગવાહીઓ ચાંદ કમિટીના પાંચ સભ્યોના ડેલીગેશને એઓને રૂબરૂ મળીને લીધી. જેમાં એક આલીમે દીન છે, એક હાફિઝે કુર્આન અને ત્રીજા ભાઈ વર્ષોથી તબ્લીગી જમાઅતના દાઈ છે. તેઓની ગવાહીઓ હસ્તાક્ષર સાથે લેવામાં આવી. મજકુર ત્રણેવ ગવાહો સમજદાર, જિમ્મેદાર અને પાબંદે શરીઅત, સાહિબે તરતીબ છે તથા આ પહેલાં તેઓને ચાંદ જોયાના અનુભવો પણ છે, જેની વિગત ગવાહી પેમ્ફલેટ માં(જે અમારી વેબ સાઈટમાં પણ છે)આ સવાલ સાથે રવાના છે.

● યાદ રહે કે ચાંદ કમિટીના પાછલા ૨૫ વર્ષોની ૨૯ તારીખ પ્રમાણેની ચાલી આવતી તારીખો પ્રમાણે બ્રિટનમાં (કે જે એક નાનો દેશ છે) વીસ મૌકા ઉપર ૨૯મીની સાંજે ચાંદ જોવાયાની નોંધ થઈ છે, જેમાં દારૂલ ઉલૂમ બરીના ૮ તથા દારુલ ઉલૂમ લેસ્ટરના ત્રણ આલીમ તુલબઓનો પણ સમાવેશ થાય છે. આ બધો રેકોર્ડ અમારી વેબસાઈટ ઉપર મૌજૂદ છે.

● મજકુર ચાંદની ગવાહીઓને અમુક લોકોએ(**ખગોળશાસ્ત્રીયહિસાબો**ને ઈસ્લામી **કસોટી** માંની તેનાઆધારે)નકારી કાઢી કે એ સાંજે ઑબ્ઝરવેટરીના હિસાબ પ્રમાણે ચાંદ બિલકુલ જોઈ શકાય તેમ ના હતો તેમજ ચાંદ કમિટીએ ગવાહીઓ એક અઠવાડિયા બાદ લીધી છે !

● યાદ રહે કે ચાંદ કમિટીએ ગવાહીઓ લીધા પછી **હદીષ**,ફુકૂહા અને આપ મુફતી હઝરાતના ફતવાઓના આધારે "**ખગોળીય હિસાબોને ચાંદ થવા, નહીં થવા બાબત શરીઅતમાં કોઈ લેવા–દેવા નથી**" કહી જણાવ્યું હતું કે, રસૂલુલ્લાહ સ.અ.વ.એ પોતે એનો રદિયો આપ્યો છે ,(જેમકે આ હિસાબો ઈસ્લામ પહેલાં ૪૩૧ BC માં થઈ ગયેલ મૈતૂન ફિલસૂફના ખગોળીય હિસાબોને **આધારીત** છે, જેને ૩૫૮ ઈ.સ.માં યહૂદી રબાઈ "હાલીલ બીજા"એ હઝરત મૂસા અલૈ.ની શરીઅતમાં ફેરબદલ કરી ઘુસાડી આપ્યા હતા અને ) **જેને રસૂલ સ.અ.વએ આવીને હદીષે ઉમ્મીથી ઈસ્લામ વિરોધી જાહેર કર્યા હતા.**

● ચાંદ કમિટીએ આ સાથેજ પોતાના એ'લાનમાં જણાવ્યું હતુંકે"જેમનો એક રોઝો આ ગવાહીઓ પ્રમાણે છૂટી ગયો છે, તેઓએ એની કઝા કરવી જરૂરી છે અને કઝા નહીં કરે તો સખત ગુનેહગાર થશે".

● **પરંતુ જે લોકો ખગોળશાસ્ત્રમાં માને છે તેઓ ચાંદ થવા, નહીં થવા માટે એના હિસાબોને કસોટી ગણે છે અને કુર્આન શરીફની આયત** الشمس والقمر بحسبان **ને પણ દલીલમાં રજુ કરે છે.** અને રસૂલ (સ.અ.વ.)ના ફરમાન વિરુદ્ધ ખગોળશાસ્ત્રીય હિસાબોને કુર્આન હદીષ વિરુદ્ધ દલીલરૂપ વાપરી ચાંદ થયાને ઈન્કાર કરી રોઝાની કઝા કરવાનું ના કહે છે ! આવી હાલતમાં સામાન્ય લોકોમાં જેઓ રોઝો કઝા કરવા માંગે છે, તેઓ કહે છે કે અમો રોઝો કઝા નહીં કરીએ તો તેનો ગુનોહ"જે લોકો કઝા કરવાની ના પાડેછે તેઓને થશે"!

● **<u>મજકુર વિગત પ્રમાણે નીચેના સવાલોનો જવાબ દરકાર છે,</u>**

સવાલ (૧) : શું બર્મિંગહામની મજકુર ગવાહીઓને ન્યુ મૂન થિયરીના **ખગોળશાસ્ત્રીય** હિસાબોના આધારે રદ કરવું જાઈઝ છે ?

સવાલ (૨) : જે લોકોનો રોઝો મજકુર શહાદત પ્રમાણે છુટી ગયો છે, તેની કઝા તેઓ એવું સમજીને ના કરે કે "એનો ગુનોહ તે લોકોને થશે જેઓ કઝાનું ના કહે છે", તો શું અવો ઉજર કરવું શરીઅત પ્રમાણે જાઈઝ છે ? કે પછી એમના ઉપર રોઝાની કઝા કરવી જરૂરી છે ?

જવાબ આપી સવાબ હાસિલ ફરમાવશો. જઝાકુમુલ્લાહ !

ફક્ત વસ્સલામ, મૌલ્વી યાકૂબ અહમદ મિફતાહી

(સેક્રેટરી : હિઝબુલ ઉલમા યુ.કે. અને મરકઝી ચાંદ કમિટી બ્રિટન)

તા. ૦૧ મુહર્રમ ૧૪૩૨ (૭ ડિસેમ્બર ૨૦૧૦) મંગળવાર.

*(<u>જવાબ માટે</u> પેજ નં.૨ ઉપર જુઓ)*

## દારુલ ઉલૂમ દેવબંદ તરફથી મજકુર સવાલના જવાબમાં આવેલ ફતવા નં. ૨૦/તબ :

**અલ જવાબ :** બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

● **ઈસ્લામમાં "ચાંદ જોવાયા"બાબત મસઅલમાં "ભરોસાનો આધાર"આંખથી "જોવું"છે.અને આ પ્રમાણે ફકત"ચાંદ જોયાની ગવાહી" ઉપર છે.** કારણ કે, આ બે વાતો જ નક્કર અને યકીન પૂરતી છે. **ખગોળશાસ્ત્રીય હિસાબો ઉપર "ચાંદ જોયાના ભરોસા"નો આધાર નથી.** કારણ કે, માણસે બનાવેલ હિસાબી કાયદાઓમાં હરપળે ભૂલ થવાની સંભાવના રહી છે.

જેઓએ ખગોળશાસ્ત્રીય હિસાબોને નક્કર માન્યા છે, તેમનો ફુકૂહાઓએ નક્કર રદિયો આપ્યો છે. **જેમકે અલ્લામહ શામી (રહ.)એ ફરમાવ્યું છે :**

ان ّالمعمول به فی المسائل الثلٰث ماشهدت به البیّنة لان الشّهادة نزّلها الشارع منزلة الیقین وماقاله السبکی مردود رده علیه جماعة من المتاخّرین ،ولیس فی العمل بالبیّنة مخالفة لصلوته ﷺ.ووجه ماقلناه ان الشارع لم یعتمد الحساب بل الغاه بالکلّیة بقوله :نحن امّة امّیة لانکتب ولانحسب .. الخ

***અ.સૂબકી શાફઈએ હિસાબો બાબત જે કહયું છે તે મરદુદ છે,ફુકહાની જમાઅતે એને નક્કર રીતે વખોડી કાઢ્યું છે*** (શામી ભા.૨,પે .૯૨).

● કોઈ જગ્યાએ ચાંદ ના દેખાયો પરંતુ બર્મિંગહામમાં દેખાયો તો તેમની શરઈ ચાંદ જોયાની ગવાહીને માનવું અને તેના ઉપર અમલ કરવો જરૂરી છે. ભલે ચાંદની ગવાહી અઠવાડિયા પછી મળી હોય ! **બંને સ્વરૂપમાં આ ગવાહી માતબર અને મુજીબ** (રોઝો વાજિબ કરવાવાળી) **છે.** અહીં જમ્મે ગફીરની શરત નથી. રમઝાનના ચાંદ માટે તો એક માતબર ગવાહી પૂરતી છે અને અહીંયાં તો માશાઅલ્લાહ **ત્રણ ગવાહો ભરોસાપાત્ર અને આદિલ છે અને ત્રણેવે પોતાની આંખોથી ચાંદ જોયો છે.**

● આથી (ચાંદ કમિટી તરફથી) શાબાનના ૨૯ દિવસનું એ'લાન તથા **જેમણે ૩૦ દિવસ પૂરા કરી રોઝો શરૂ કર્યો હતો તેમના ઉપર એક રોઝાની કઝાનું એ'લાન બિલકુલ સહીહ અને હદીષ તથા ફિક્હ પ્રમાણે જરૂરી છે.**

● **જે લોકો હદીષ અને ફિક્હને છોડીને ખગોળશાસ્ત્રીય હિસાબોને (શરીઅત ઉપર) અગ્રિમતા આપે છે તેઓ ખુલ્લી ગુમરાહી ઉપર છે અને સખત ગુનેહગાર છે. તેઓએ પોતાનો મત છોડી ને ઈસ્લામી મત ગ્રહણ કરવો જરૂરી છે.**

ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.

. સહીહ : (હઝરત મુફતી) હબીબુર્રહમાન અ. અ. (મુફતી દારુલ ઉલૂમ દેવબંદ, ૬ સફર ૧૪૩૨ હિજરી)

અલ જવાબ સહીહ :(મુફતી) મહમુદુલ હશન ગુ લ. (બુલંદશેહરી),અલ જવાબ સહીહ : (મુફતી) વકાર અલી ઉ. અ. , (મુફતી) કમરૂલ ઈસ્લામ

## *મુફતીયાને કિરામના મજકુર ફતવાથી સાબિત થતા ખાસ૧૦ મુદ્દાઓ*

(૧) **ઈસ્લામમાં" ચાંદ જોવાયો** એ ઉપર **ભરોસો કરવાની વસ્તુ** ફકત'મુસ્લીમની **ગવાહીજ છે".**

(૨) **ખગોળીય હિસાબો" ચાંદની શરઈ રૂયત માટે કસોટી અને આધાર નથી**( ન્યુ મૂન થિયરીના હિસાબો તો શરીઅતમાં મરદુદ છે).

(૩) **દીનમાં** ચાંદરાતજોઈ તેની ગવાહી ની **સચ્ચાઈની સાબિતી** માટે **"ભરોસાનો આધાર" ખગોળીય** હિસાબો **કદાપિ નથી.**

(૪) **બર્મિંગહામની મજકુર ગવાહીને માનવું અને તે ઉપર અમલ કરવો જરૂરી** (ફરઝ)**છે".**

(૫) **ગવાહી ભલે અઠવાડિયા પછી મળે તો પણ તે ઉપર "અમલ કરવું વાજિબ" છે.**

(૬) **બર્મિંગહામના ત્રણેવ શાહીદો"ભરોસાપાત્ર, આદિલ અને ચાંદને આંખે જોયેલ" ગવાહો છે.**


(૭) **ચાંદ કમિટી"ભરોસાપાત્ર"માધ્યમ છે એનું " રોઝો કઝા કરવાનું એ'લાન" હદીષ,ફિક્હ પ્રમાણે"** બિલકુલ **સહીહઅને જરૂરી"** છે.

(૮) **સીરાતે મુસ્તકીમ** ઉપર**ખગોળીય હિસાબોને "ગુણવત્તા"** આપવું **બિલકુલ ખોટું** "છે, તેઓ" **સખત ગુનેહગાર"** છે.

(૯) **આવા લોકોએ પોતાનો** આ"**ખગોળીય મત" છોડી દેવો જરૂરી** " છે.

(૧૦) **આવાલોકોએ** રસૂલુલ્લાહ સ.અ.વ .નો"**સીરાતે મુસ્તકીમ સુન્નત મત" પકડી લેવો હવે જરૂરી છે.**

---



Central Moon Sighting Committee of Great Britain

Hizbul Ulama UK, Darul Uloom Bury, Jamiatul Ulama Britain,

74 C Upton Lane London E7 9LW

Phone No. 07866464040, 01707 652 6109, 07866 654471, 07957 205726

Website: www.hizbululama.org.uk E-mail : info@hizbululama.org.uk